# સેના સહિત તમામ સુરક્ષાદળોમાં હતાશા

નવી દિલ્હી,તા.૨૨

સેના સહિત તમામ સુરક્ષાદળોમાં જુદા જુદા કારણોસર હતાશા અને અન્ય કારણોસર હાલ ભારે હતાશા પ્રવર્તી રહી છે. આ જ કારણસર વર્ષ ૨૦૦૯ બાદથી એટલે કે છેલ્લા ત્રણ વર્ષના ગાળામાં ૪૪૦૦૦ જવાનો ફોર્મમાંથી નીકળી ચૂકયા છે. બીએસએફ અને સીઆરપીએફમાં હાલત સૌથી કફોડી બનેલી છે. નવા આંકડામાં જણાવામાં આવ્યું છે કે વર્ષ ૨૦૦૯ બાદથી ૩૯૮ અર્ધલશ્કરી દળના જવાનોએ આત્મહત્યા કરી છે જ્યારે આતંકવાદીઓ સામેની લડાઈમાં ૩૨૮ અર્ધલશ્કરીદળના જવાનો માર્યા ગયા છે. ૨૦૦૯ બાદથી ૪૪૦૦૦ અર્ધલશ્કરી દળના જવાનો સુરક્ષા દળોમાંથી નીકળી ચૂક્યા છે. જે ૪૪૦૦૦ અર્ધલશ્કરી દળના જવાનો નીકળી ચૂક્યા છે તેમાં ૩૬૦૦૦ સીઆરપીએફ અને બીએસએફના છે. સીઆરપીએફ અને બીએસએફ દ્વારા સુરક્ષા દળોમાંથી નીકળી જવાનો રેટ ૭૦ ટકાથી આસપાસ પહોંચ્યો છે. હવે આ પ્રકારની સ્થિતિના કારણે કેન્દ્રીય અર્ધલશ્કરી દળ પણ મુશ્કેલીમાં છે. કારણ કે હજારો જવાનો અને અધિકારીઓ સ્વૈચ્છિક નિવૃત્તિ લઈ રહ્યા છે અથવા તો કઠોર ફરજની શરતો અને દબાણના કારણે છેડો ફાડી રહ્યા છે. સરકારી આંકડામાં જણાવવામાં આવ્યું છે કે સીઆરપીએફ, બીએસએફને સૌથી માથી અસર થઈ છે. ૨૦૦૯ બાદથી ૩૬૦૦૦ જેટલા બીએસએફ અને સીઆરપીએફના જવાનો નોકરી છોડી ચૂક્યા છે. સીઆરપીએફ નક્સલવાદ વિરોધી ઓપરેશનમાં ત્રણ લાખથી વધુ જવાનોને સક્રિય કરેલા છે. બીએસએફના જવાનો ૪૦૦૦ કિલોમીટર લાંબી આંતરરાષ્ટ્રીય સરહદ અને નક્સલવાદી વિરોધી વિસ્તારોમાં ફરજ બજાવી રહ્યા છે. આના પરિણામ સ્વરૂપે માત્ર નોકરી છોડવાનો રેટ જ વધ્યો નથી બલ્કે ૨૦૦૯ બાદથી આત્મહત્યાના કેસો પણ વધ્યા છે. ૨૦૦૯ બાદથી ૩૯૮ અર્ધલશ્કરી દળના જવાનો આત્મહત્યા કરી ચૂક્યા છે. આ આંકડો નકસલવાદ અથવા તો આતંકવાદ સામેની લડાઈમાં માર્યા ગયેલા ૩૨૮ જવાનોના આંકડા કરતા વધારે છે. આત્મહત્યાનો આંકડો સેનાના રહેલા આંકડા કરતા પણ વધારે છે. ૩૭૫ જવાનોએ આત્મહત્યા સેનામાં કરી છે. ભારતીય સેનામાં સંખ્યા બળ ૧૨ લાખથી વધારે છે. ચિંતિત સરકારે અર્ધલશ્કરી દળો, બીએસએફ અને અન્ય સુરક્ષા દળોમાં જવાનોમાં અને અધિકારીઓમાં દબાણની સ્થિતિને ધ્યાનમાં લીધી છે. આના માટે તેમના દબાણને ઘટાડવાના પ્રયાસો પણ કરાયા છે. જાણકાર લોકોનું કહેવું છે કે આંકડા કરતા સ્થિતિ વધારે ખતરનાક છે. સુરક્ષાદળોમાંથી નીકળી જવાના અથવા તો નોકરી છોડવાના ઘણા કારણો જવાબદાર છે. જેમાં નોકરીના કલાકો વધુ, રજા વારંવાર નહીં મળવાની બાબત પણ સામેલ છે.

### નોકરી છોડવાના કારણ

છેલ્લા ત્રણ વર્ષના ગાળામાં ૪૪૦૦૦ જવાનો નોકરી છોડી ચૂક્યા છે. બીએસએફ અને સીઆરપીએફમાં હાલત વધારે કફોડી છે. નોકરી છોડવાના કારણો કયા છે તે નીચે મુજબ છે.

- છતીસગઢના માઓવાદીગ્રસ્ત વન્ય વિસ્તારોમાં વારંવાર ફરજ
- સરહદી વિસ્તારોમાં વારંવાર પોસ્ટિંગ
- માઓવાદીઓ અને મલેરિયા જેવા બેવડા પડકાર સામે લડત
- વધુ સમય સુધીની ફરજો
- અપૂરતી ઊંઘના કારણે ઘણી બધી તકલીફો
- પરિવારના કાર્યક્રમોમાં હાજરી આપવા માટે તરત રજા મળતી નથી
- મૂળભૂત આરોગ્યની સુવિધાનો અભાવ
- બઢતીમાં ઈન્કાર થાય છે અને પગાર સુધારા ઝડપથી થતા નથી

## અરવિંદ કેજરીવાલને હવે દિક્ષિતે ફટકારેલી નોટિસ

નવી દિલ્હી,તા.૨૨

દિલ્હીના મુખ્યમંત્રી શિલા દિક્ષિતે ઈન્ડિયા અગેઈન્સ્ડ કરપ્શન્(આઈએસી)ના સભ્ય અરવિંદ કેજરીવાલને કાયદાકીય નોટિસ ફટકારી હતી. તેમને કથિત રીતે અપમાનિત કરવા બદલ આ નોટિસ ફટકારવામાં આવી છે. તેમની સામે નોટિસ ફટકારીને ફોજદારી કાર્યવાહી કરવાની ચેતવણી પણ આપવામાં આવી છે. મુખ્યમંત્રીના રાજકીય સચિવ પવન ખેરાએ કહ્યુ છે કે કેજરીવાલને નોટિસ તેમના દ્વારા મુખ્યમંત્રીની સામે અપમાનજનક ટિપ્પણી કરવા બદલ ફટકારવામાં આવી છે. કેજરીવાલને બે દિવસમાં નોટિસનો જવાબ આપવા કહેવામાં આવ્યુ છે. બીજીબાજુ કેજરીવાલે આ અંગે ટિપ્પણી કરતા કહ્યુ છે કે તમે મને અનેક નોટિસ મોકલી શકો છો. અમે નોટિસથી ડરતા નથી. મુખ્યમંત્રી સામે અયોગ્ય ભાષાનો ઉપયોગ કરવા બદલ આ નોટિસ ફટકારવામાં આવી છે. દેખાવકારોને સંબોધીત કરતા કેજરીવાલે કહ્યુ છે કે ચોક્કસપણે અમે આપને બદનામ કરી રહ્યા છીએ અને આ તબક્કો જારી રહેશે, જ્યાં સુધી સરકાર ખોટુ કામ કરતી રહેશે ત્યાં સુધી આ દોર જારી રહેશે. દિલ્હી વિધાનસભાની ચૂંટણીમાં પણ રાજકીય ગાબડા પાડવાના પ્રયાસો કરવાની વાત કેજરીવાલે કરી છે.

## સોનિયા ગાંધીએ પ્રચારનું રણશિંગુ ફૂંક્યુ

મંડી,તા.૨૨

કોંગ્રેસ પ્રમુખ સોનિયા ગાંધીએ આજે હિમાચલ પ્રદેશમાં ચૂંટણી પ્રચારના શ્રી ગણેશ કર્યા છે. ચૂંટણી પ્રચારની શરૂઆત કરતા સોનિયા ગાંધીએ ભાજપના નેતૃત્વમાં સરકાર ઉપર આકરા પ્રહારો કર્યા હતા અને કહ્યુ હતુ કે રાજ્યમાં ગરીબ અને જરૂરિયાત વાળા લોકોને કેન્દ્રિય યોજનાઓના લાભ પહોંચાડવાના ગંભીરતાપૂર્વક પ્રયાસો સરકાર દ્વારા કરવામાં આવ્યા નથી. મંડીમાં જાહેરસભાને સંબોધતા સોનિયા ગાંધીએ કહ્યુ હતુ કે રાજયને ફાળવવામાં આવેલી ૧૦૦૦૦ કરોડની રકમનો યોગ્ય રીતે ઉપયોગ થયો નથી કારણ કે ભાજપ સરકારે રાજયમાં જુદીજુદી કેન્દ્રિય યોજનાઓને અમલી બનાવવા ગંભીરતાપૂર્વકના પ્રયાસો કર્યા નથી.



ગાંધીએ એમ પણ કહ્યુ હતુ કે ભાજપની કામગીરી અને વચનમાં ખૂબ અંતર છે. તેમણે આક્ષેપ કર્યો હતો કે ભાજપ ભ્રષ્ટાચાર સામે લડવાના માત્ર બહાના કરે છે પરંતુ કિંમતો વધી રહી છે. જમીની આધાર પર ખૂબ ઓછા પ્રયાસો હાથ ધરવામાં આવ્યા છે. ભ્રષ્ટાચારના મુદ્દે ભાજપની વાત કરતા ગાંધીએ કહ્યુ હતુ કે ભાજપના લોકો ભ્રષ્ટાચારમાં ડૂબેલા છે. ભ્રષ્ટાચાર સામેની લડાઈ માત્ર દેખાવો છે. ભ્રષ્ટાચાર સામે આંગળી ઉઠાવતા પહેલા તેમને આત્મમંથન કરવાની જરૂર છે. ગાંધીએ એમ પણ કહ્યુ હતુ કે સંચાલનની વ્યવસ્થામાં ભ્રષ્ટાચાર એક શરમજનક બાબત છે. માત્ર કોંગ્રેસ પાર્ટીએ જ રાઈટ ટુ ઈન્ફરમેશન લો (આરટીઆઈ)ને અમલી બનાવવા ગંભીરતા દર્શાવી છે. તેમણે કહ્યુ હતુ કે યુપીએ સરકાર દ્વારા ભ્રષ્ટાચારને રોકવા માટે આરટીઆઈ એક્ટ લાગુ કરવામાં આવ્યો હતો. હિમાચલમાં ચૂંટણી ચોથી નવેમ્બરના દિવસે યોજાનાર છે. ગાંધીએ ડિઝલની કિંમતોમાં કરાયેલા વધારાનો બચાવ કર્યો હતો. તેમણે ઉમેર્યુ હતુ કે આંતરરાષ્ટ્રીય ક્રૂડની કિંમતો આસમાને પહોંચી છે. જો કે તેમણે એમ પણ કહ્યુ હતુ કે કોંગ્રેસ શાસિત રાજ્યોએ ડિઝલમાં ભાવ વધારાની અસરને ઘટાડવા ડિઝલ પર વેટને ઘટાડ્યો છે. ભાજપ શાસિત રાજ્યોએ આ પગલા લીધા નથી.

**૨૪ કલાકમાં એક માસનો પગાર આપવાની ઓફર**

## દિવાળી પર્વ પહેલા ત્રણ પગાર આપવાની કિંગફિશરની ઓફર

મુંબઈ, તા. ૨૨

કિંગફિશરે કર્મચારીઓ સાથેની મડાગાંઠને ઉકેલવાના હેતુસર દિવાળી પહેલા તેમના બાકીના પગાર પૈકી ત્રણ મહિનાનો પગાર આપી દેવાની ઓફર કરી છે જો કે કર્મચારીઓએ ભારપૂર્વક કહ્યુ છે કે ખાતરી આપવાના બદલે વચન પાળવામાં આવે તે જરૂરી છે કારણ કે મેનેજમેન્ટે અગાઉ પણ વચનો પાળ્યા નથી.

સાત મહિનાથી પગાર નહીં મળતા હડતાળ પર ગયેલા પાયલોટ અને કર્મચારીઓના યુનિયન સાથેની વાતચીતમાં વિમાની કંપની તરીકેનું લાયસન્સ સસ્પેન્ડ થઈ ચૂકેલ કિંગફિશરે એક માસનો પગાર ૨૪ કલાકમાં જ આપવાની ઓફર કરી છે. સૂત્રોના જણાવ્યા મુજબ બંધબારણે યુનિયન સાથે યોજાયેલી બેઠકમાં કિંગફિશરે એક માસનો પગાર ૨૪કલાકમાં અને બીજા માસનો પગાર એક સપ્તાહની અંદર તેમજ ત્રીજો પગાર દિવાળી પહેલા આપવાની ઓફર કરી હતી. જો કે વિમાની કંપનીના કર્મચારીઓ કંપનીની ઓફરથી નાખુશ હોવાનું બહાર આવ્યું છે.

અત્રે એ નોંધનીય છે કે છેલ્લા સાત મહિનાથી કિંગફિશરે તેના કર્મચારીઓને વેતન ચૂકવ્યું નથી. પાયલોટ અને કર્મચારીની હડતાળના પગલે વારંવાર ફલાઈટો રદ કરવામાં આવતા ૩ દિવસ પહેલાં જ ડીરેક્ટોરેટ જનરલ ઓફ સીવીલ એવીએશન (ડીજીસીએ) એ કિંગફિશરનું લાયસન્સ સસ્પેન્ડ કરી દીધુંહતું. કંપની ઓપરેશનલ અને નાણાંકીય યોજના લઈને આવે ત્યાં સુધી લાયસન્સ સ્થગિત કરી દેવાયું છે. દરમ્યાન કંપની માટે આજે વધુ એક મુશ્કેલી ઉભી થઇ હતી. કંપનીના અંદાજે ૧૫ જેટલા વિમાનના ચાવીરૂપ સ્પેરપાર્ટસ વિવિધ વિમાની મથકે બગડ્યા હોવાથી તે ઉડાન ભરવા માટે યોગ્ય નથી. સૂત્રોના જણાવ્યા મુજબ નવી દિલ્હી ખાતે બે વિમાનોનું નિરીક્ષણ કરવામાં આવ્યું હતું.

બીજી બાજુ વિમાની સત્તાવાળાઓએ બાકીના લેણાં ન ચૂકવાય ત્યાં સુધી વિમાનો હટાવવાનો ઈનકાર કરી દીધો છે. હાલ માત્ર ૭ વિમાન જ કંપનીના કાર્યરત છે. સૂત્રોના જણાવ્યા મુજબ આજની વાટાઘાટો પડી ભાંગશે તો હડતાળી કર્મચારીઓ રાષ્ટ્રીય સ્તરે વિરોધ પ્રદર્શન કરશે. આ ઉપરાંત ૨૬મીએ ગ્રેટર નોઈડા ખાતે યોજાનાર એકવન ટ્રેક પર ચેરમેન વિજય માલ્યાનો ઘેરાવ કરશે.

## રેલ્વેમાં થાળી મોંઘી


નવી દિલ્હી,તા.૨૨

મોંઘવારીની અસર ચારેબાજુ જોવા મળી રહી છે. હવે રેલ્વેમાં મુસાફરી કરતા લોકોને પણ વધુ નાણાં ચૂકવવા પડશે. રેલ્વેએ ગુપ્તરીતે પેન્ટ્રીકારમાં મળનાર ભોજનની કિંમતમાં એકાએક વધારો કરી દીધો છે. હજુસુધી ત્રણ રૂપિયામાં મળનાર રોટલી હવે પાંચ રૂપિયામાં મળશે, ૨૦ રૂપિયામાં મળનાર દાળભાત હવે ૨૩ રૂપિયામાં મળશે. જ્યારે ૨૮ રૂપિયામાં મળનાર છોલેચાવલ ૩૩ રૂપિયામાં મળશે, ૪૮ રૂપિયામાં મળનાર એક બિરિયાની ૫૮ રૂપિયામાં ઉપલબ્ધ બનશે આવી જ રીતે ૭૦ રૂપિયામાં મળનાર ચિકન બિરિયાની ૮૪ રૂપિયામાં ઉપલબ્ધ બનશે. રેલ્વેએ પેન્ટ્રીકારમાં મળનાર ભોજનની કિંમતમાં એકાએક વધારો કરી દીધો છે પરંતુ એવી સ્પષ્ટતા કરી નથી કે આ ભાવ તાત્કાલિકરીતે અમલી બનાવવામાં આવ્યા છે કે પછી થોડાક સમય બાદ વધારો કરવામાં આવશે. રેલ્વે બોર્ડ દ્વારા નક્કી કરવામાં આવતી યાદી તમામ ઝોનલ ઓફિસે પોતાના રેસ્ટોરન્ટને મોકલી દીધી છે. અલબત્ત રેલ્વે સ્ટેશન કેન્ટિંગ દ્વારા તાત્કાલિક રીતે નવી કિંમતો લાગૂ કરી દેવામાં આવ્યા બાદ ટ્રેનોમાં પણ આને અમલી બનાવી દેવામાં આવી છે. બીજીબાજુ ટ્રેનોમાં ઉપલબ્ધ પેન્ટ્રીકારમાં લીસ્ટ લગાવવાને લઈને સ્પષ્ટતા કરવામાં આવી નથી.દરેક ચીજવસ્તુઓની કિંમતમાં હાલના સમયમાં વધારો થયો છે. રેલ્વે દ્વારા પણ હવે ગુપ્તરીતે પેન્ટ્રીકારમાં મળનાર ભોજનની કિંમત વધારી દેતા સામાન્ય લોકો આશ્ચર્યચકિત થઈ ગયા છે. ભોજન કરવા જતી વેળા આ બાબતની જાણ થઈ છે.

## મહાન ફિલ્મ નિર્માતા યશ ચોપડાના અંતિમસંસ્કાર

મુંબઈ,તા.૨૨

મહાન ફિલ્મ નિર્માતા અને નિર્દેશક તથા કિંગ ઓફ રોમાન્સ તરીકે જાણીતા યશ ચોપડાના આજે અંતિમસંસ્કાર કરવામાં આવ્યા હતા.યશ ચોપડાના મુંબઈના વિલે પાર્લે ખાતે બપોરે ત્રણ વાગે અંતિમસંસ્કાર કરાયા હતા. તેમનું ગઈકાલે મલ્ટિપલ ઓર્ગન ફેઈલ થઈ જવાના કારણે અવસાન થયુ હતુ. ૨૭મી સપ્ટેમ્બરના દિવસે યશ ચોપડા ૮૦ વર્ષના થયા હતા. યશ ચોપડા શાહરૂખખાન, કેટરિના કૈફ અને અનુષ્કા શર્મા અભિનિત જબતક હૈ જાન ફિલ્મ રજુ કરવાની તૈયારીમાં હતા. તેમના નિર્દેશન હેઠળની આ છેલ્લી ફિલ્મ હતી. ફિલ્મ નિર્માતાના મૃતદેહને ફુલો સાથે સજાવીનો યશરાજ ફિલ્મના સ્ટુડિયોના સ્ટેજ નંબર ત્રણ ઉપર મુકવામાં આવ્યો હતો. સવારથી જ લોકો શ્રદ્ધાંજલિ આપવા માટે પહોંચ્યા હતા. તેમના મૃતદેહની નજીક વિશાળ બ્લેક એન્ડ વ્હાઈટ ફોટો આ નિર્દેશકનો મુકવામાં આવ્યો હતો. ફોટાની આસપાસ મિણબત્તીઓ લગાવવામાં આવી હતી. પુત્ર આદિત્ય, ઉદય અને અભિનેત્રી રાણી મુખર્જી સ્ટેજની સામે ઉભા રહેલા નજરે પડ્યા હતા.



પરિવારના સભ્યો અને બોલિવુડની તમામ હસ્તીઓ પણ હાજર રહી હતી. બંને પ્રવેશ દ્વારથી મોટી સંખ્યામાં ચાહકો પણ ઉમટી પડ્યા હતા. અભૂતપૂર્વ સુરક્ષા વ્યવસ્થા પણ ગોઠવવામાં આવી હતી. સ્ટુડિયો ખાતે પહોંચેલાઓમાં મહારાષ્ટ્રના મુખ્યમંત્રી પૃથ્વીરાજ ચૌહાણ, શાહરૂખખાન, વિદ્યાબાલન, પંકજ કપૂરની સાથે શાહિદ કપૂર, પરિણીતિ ચોપડા, શ્રીદેવી, બોની કપૂર, મનોજ કુમાર, કાજોલ, તનુજા, તબ્બુ, કબીર ખાન, પ્રેમ ચોપડા, આશુતોષ ગોવારિકર, વિપુલ શાહ, અબ્બાસ મસ્તાન, રમેશ શિપ્પી, ગુલઝાર, સુભાષઘાઈ, શ્યામ બેનેગલ, સરોજ ખાન, ડેવિડ ધવન, રસુલ પુકોટી, ઈમરાન ખાન, શંકર અહેસાન લોયનો સમાવેશ થાય છે. પીઢ અભિનેતા રિશી કપૂર, પુત્ર રણબીર કપૂર, રણધીર કપૂર, અર્ચના પૂરણશી, પુનિત મલ્હોત્રા, વરૂણ ધવન પણ શ્રદ્ધાંજલિ આપતા નજરે પડ્યા હતા.

યશ ચોપડા છેલ્લે ૧૧મી ઓક્ટોબરના દિવસે પત્ની પામેલા સાથે અમિતાભ બચ્ચનના ૭૦માં જન્મ દિવસે જાહેરમાં દેખાયા હતા. ગઈકાલે મોડી રાત્રે સલમાન ખાન, જ્હોન અબ્રાહમ, મનિષ મલ્હોત્રા, પ્રિયંકા ચોપડા, અમિતાભ બચ્ચન, પુત્ર અભિષેક, ઐશ્વર્યા રાય સ્ટુડિયો ખાતે પહોંચ્યા હતા. ચોપડાએ કેટલીક યાદગાર ફિલ્મો બનાવી હતી જેમાં દિવાર, સિલસિલા, દિલ તો પાગલ હૈ , વક્ત, વિરઝારાનો સમાવેશ થાય છે.

## સ્ટાર અજય દેવગનનો એક દિવસમાં એક કરોડનો ચાર્જ

મુંબઈ,તા.૨૨

અજય દેવગને એકાએક તેના ચાર્જમાં વધારો કરી દીધો છે. હાલમાં ખૂબજ સફળતા મેળવી રહેલા અજય દેવગને તેનો ચાર્જ પ્રતિ દિવસ વધારીને એક કરોડ રૂપિયા કરી દીધો છે. ૪૩ વર્ષીય અભિનેતાએ ચાર્જમાં વધારો કરવા માટે કોઈ કારણ આપ્યા નથી. તેની નવેસરની કોમેડી ફિલ્મ બોલ બચ્ચન ફિલ્મ બોક્સ ઓફિસ પર સુપરહિટ થયા બાદ ચાર્જમાં વધારો કરી દીધો છે. અજય દેવગણ સાથે સાત દિવસના શૂટિંગ માટે એક અગ્રણી નિર્માતાએ ઓફર કરી હતી પરંતુ આના માટે અજય દેવગણે સાત કરોડ રૂપિયા માંગ્યા હતા. આ નિર્માતાએ નામ જાહેર નહીં કરવાની શરતે કહ્યુ છે કે અજય દેવગન પ્રતિદિવસ એક કરોડના હિસાબે સાત કરોડ રૂપિયા લેશે. અજય દેવગનની આ નવી કિંમત છે. અયજ દેવગન સમગ્ર ફિલ્મ માટે ચાર્જ કરશે નહીં. દરરોજના આધાર ઉપર તે કામ કરી રહ્યો છે. અજય દેવગનની એક પછી એક ફિલ્મો બોક્સ ઓફિસ ઉપર સફળ થઈ રહી છે. બુધવારના દિવસે અજય દેવગન અને સોનાક્ષી સિંહાએ અમૃતસરમાં સુવર્ણમંદિરની મુલાકાત લીધી હતી. સન ઓફ સરદાર ફિલ્મને સફળતા મળે તે માટે પ્રાર્થના કરવામાં આવી હતી. સૂત્રોએ કહ્યુ છે કે અજય દેવગણની આ ફિલ્મ પણ ચાહકોને પસંદ પડશે. આ ફિલ્મમાં સલમાનના આઈટમ સોંગ આવરી લેવાતા ફિલ્મની સફળતાની ગેરેન્ટી વધી ગઈ છે.

## ૧૧ ડિઝિટમાં મોબાઈલ નંબરો થઈ જશે : હેવાલ

ચેન્નઈ,તા.૨૨

દેશમાં મોબાઈલ નંબરોના વર્તમાન ક્વોટા ખતમ થવાની તૈયારીમાં છે ૯૮ અને ૯૯ જેવી સિરિઝ હવે ખતમ થવાની તૈયારીમાં છે. આગામી વર્ષથી નંબરો ઓછા પડે તેવી શક્યતા દેખાઈ રહી છે. હકીકતમાં આગામી વર્ષે ૨૦૧૩ના મધ્ય સુધી દેશમાં ઉપયોગ થનાર નંબરોની સંખ્યા ૧૦૦ કરોડના આંકડાને પાર કરી જશે. આવી સ્થિતિમાં દર વર્ષમાં સરકારને નવા નંબરોની સિરિઝ જારી કરવી પડશે. સેલ્યુલર ઓપરેટર એસોસિએશન ઓફ ઈન્ડિયાના ડિરેક્ટર જનરલ રાજન મેથ્યુસે કહ્યુ છે કે આગામી વર્ષ સુધી નવા નંબર લાવવામાં નહીં આવે તો ગંભીર સમસ્યા ઉભી થઈ શકે છે. આ સમસ્યાને દૂર કરવા માટે મોબાઈલ નંબરોની સંખ્યા ૧૧ આંકડામાં જઈ શકે છે. અલબત્ત ટેલિકોમ વિભાગ બીજા વિકલ્પો ઉપર પણ કામ કરવામાં વ્યસ્ત છે. મોબાઈલ નંબરોના આંકડા વધારવાની દરખાસ્ત ટેલિકોમ રેગ્યુલેટરી ઓથોરિટી ઓફ ઈન્ડિયા દ્વારા ટેલિકોમ વિભાગને આપી દેવામાં આવી છે. આમા મોબાઈલના નંબર ૧૦ના બદલે ૧૧ કરવાની વાત કરવામાં આવી છે. પરંતુ ડોટ દ્વારા આ દરખાસ્તને હજુ વધારે મહત્વ આપવામાં આવ્યુ નથી. મેથ્યુસે એમ પણ કહ્યુ છે કે ડોટે આ આ દરખાસ્તને સંપૂર્ણપણે ફગાવી નથી પરંતુ બીજા વિકલ્પો ઉપર પણ વિચારણામાં વ્યસ્ત છે. ટ્રાઈએ આશરે ૧૦ લાખ ઈન એક્ટિવ ફોન નંબર્સને મોબાઈલન નંબર તરીકે ઉપયોગ કરવાની દરખાસ્ત રજુ કરી છે. મેથ્યુસનું કહેવું છે કે એવા નંબરો ખુબજ ઓછા છે. આનાથી ત્રણ અથવા છ મહિના સુધી રાહત મળી શકે છે. નંબરીંગની વર્તમાન વ્યવસ્થા ૨૦૦૩માં નક્કી કરવામાં આવી હતી. ડોટને આશા છે કે ૨૦૩૦ સુધી આને જારી રાખી શકાશે. અંદાજ એવો મુકવામાં આવ્યો છે કે ૨૦૩૦ સુધી દેશમાં ૫૦ કરોડ મોબાઈલ ધારકો રહેશે.

## ઈરાન સાથે સીધી ચર્ચાના અહેવાલને રદિયો અપાયો

વોશિંગ્ટન,તા.૨૨

અમેરિકાની સરકારે એવા અહેવાલને રદિયો આપ્યો છે કે ઈરાનના પરમાણુ કાર્યક્રમના સંબંધમાં સીધી વાતચીત થનાર છે. ન્યૂયોર્ક ટાઈમ્સે હાલમાં જ એવા અહેવાલ આપ્યા હતા કે ઈરાનના પરમાણુ કાર્યક્રમના મામલામાં અમેરિકા તેની સાથે સીધી વાતચીત કરશે અને આના માટે ઈરાન તૈયાર પણ થઈ ગયુ છે. ઈરાન સાથે વાતચીતના અહેવાલને અમેરિકાએ સ્પષ્ટપણે રદિયો આપ્યો છે. વ્હાઈટ હાઉસે આ અંગેના અહેવાલને રદિયો આપ્યો છે. વ્હાઈટ હાઉસે કહ્યુ છે કે ઈરાન સાથે વાતચીતની કોઈ શક્યતા નથી.

## સમાચાર ઝલક

- નવરાત્રી ઉપર યોજાતી પ્રાચીન ‘ભવાઇ’ની સંસ્કૃતિ લુપ્ત થતી જાય છે.
- ફરૂખાબાદમાં અરવિંદભાઇ કેજરીવાલના બોડીગાર્ડ હશે, લાઠીઓથી સજ્જ ખેડતો - કિસાન યુનિયનનો નિર્ણય.
- સેનાની સાથે અથડામણમાં માર્યો ગયો ગદ્દાફીનો પુત્ર.
- વિખ્યાત ફિલ્મ નિર્માતા યશ ચોપડાનું ડેન્ગ્યુથી નિધન.
- દેશમાં ૬૮ ટકા દૂધ ભેળસેળિયું મળતું હોવાનો સરકારનો સુપ્રીમકોર્ટમાં ખુલાસો.
- રોકડ-સોનું હેરફેરમાં ચૂંટણીપંચનો અતિરેક, આંદોલન જલદ થવા તરફની હિલચાલ.
- અમિતાભ બચ્ચનની પીઠમાં દર્દ પીડા, શુટિંગ રદ્દ.
- કર્મચારીઓનાં પ્રોવિડન્ડ ફંડનું વ્યાજને ૮.૬ ટકા થશે.
- ખાદ્ય મોંઘવારીથી ૮૦ લાખ ભારતીયો ‘ગરીબ’ થશે.
- રાધનપુર ડેપોમાં કંડકટરે અઢી લાખ ભરેલી બેગ ફરત કરી.
- ગૂગલે તેની ભૂલ સ્વીકારી, ૧૦ ખરબ ડોલરનું નૂકશાન.
- મધ્યપ્રદેશમાં મંદિરમાં ભાગદોડથી શ્રધ્ધાળુઓનાં મોત.
- ફિલ્મ નિર્માતા બી.આર.ચોપડાનો પુત્ર રવિ ચોપડા નાણાંકીય ભીંસમાં.
- માતાજીમાં શ્રધ્ધા ! ભારતનાં રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જી પ્રોટોકોલનો ભંગ કરી પોતાના ગામે દુર્ગા પૂજા કરવા જશે.
- નેપાળમાં નકલી નોટ કૌભાંડ : ભારતીય ચલણનાં રૂા. ૬૦ હજારની સામે ૧ લાખ નેપાલી રૂપિયા અપાતાં હતા.
- આમીરખાને ૧૫૦ કરોડની જાહેરાતો જતી કરી, આમીરખાન મમ્મીને લઇને હજ કરવા જશે.
- આધારકાર્ડ દ્વારા લાભાર્થીને રોકડ લાભ મળશે, બેંકમાં ખાતું ખોલાવા, વીમો કે મોબાઇલ કનેકશન લેવા આઇડેન્ટી કાર્ડની ફોટો કોપી ભૂતકાળ બનશે.
- રાષ્ટ્રપતિ ભવનમાં મહામૂલી ઐતિહાસિક ચીજો ગુમ..???
- આને કહેવાય બાબુશાહી !!! બાબરા પાલિકામાં ત્રણ વર્ષથી ચોપડા લખાતા નથી.
- સર્વિસ ટેક્સ રીટર્ન મર્યાદા એક માસ લંબાવી.
- આગામી વર્ષોમાં એક લાખ એ.ટી.એમ. ખુલશે.

### ચર્ચા સભા (પાના નં. ૪ નું ચાલુ)

એવું થઇ શકે કે શહેરોમાં બનાવેલ બગીચાને જો ત્રણ રીતે નિયંત્રીત કરવામાં આવે તો કદાચ સૌને સંતોષ થશે.

એક તો એ કે અમુક બાગ ચિલ્ડ્રન પાર્ક જ હોવા જોઇએ જ્યાં બાળકો સાથે જ મા-બાપ જઇ શકે, અને બાળકોને મોજ કરવાની, છૂટ, ત્યાં મા-બાપને મનાઇ હોય, સાથે રહેવાય ખરૂં પણ બાળકો માત્ર એન્જોય કરી શકે.

બીજું ફેમિલી પાર્ક કે જ્યાં પરિવાર હોય તો જ જઇ શકાય એટલે કે બાળકો સાથે મા-બાપ બધે મોજ કરી શકે. અને ત્રીજું કપલ્સ પાર્ક. કે જ્યાં માત્ર તે પ્રમાણે જ છૂટ. ત્યાં બાળકો કે પરિવાર ન જઇ શકે.

કદાચ આવી ત્રીરંગી વ્યવસ્થાથી સૌને મોજ પડી શકશે. અને પબ્લિક પ્લેસમાં જે ચિંતાજનક જણાય છે તે નહીં જોવા મળે. આશા રાખું કે મારા વિચારો પ્રત્યે પોઝીટીવ થિંકીગ થાય. આફ્ટર ઓલ - સમાજનું હિત તેજ આપણું હિત હોઇ શકે.

(નોંધ : આપનાં વિચારો આવકાર્ય, સ્વામી યોગાનંદ હાઇસ્કૂલ, જી.ઇ.બી. કોલોની, ગાંધીનગર)

- minu_hc@yahoo.com